૨૨,૫૨૬

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસપ અને તેની વાતો

ભાગ – ૪

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

૮૦ ગ
૪૮૮

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या · ८०ग / ५६६ ·

पंजिका संख्या · ३२,५३६ ·

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ–૧૦૪

ઈસપ અને તેની વાતો

ભાગ – ૪

સ્ટોક પ્રમાણીકરણ ૧૯૮૪–૧૯૮૫
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦



પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ – ૧૪

પચાસ નવા પૈસા

ઑક્ટોબર, ૧૯૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

ઈસપની વાતો જગત્સાહિત્યમાં સ્થાન પામી છે. આ સાહિત્યનું એક લક્ષણ એ છે કે, તે વારંવાર વાંચીએ સાંભળીએ તોય તેનો રસ તાજો ને તાજો જ રહે અને પેઢી દર પેઢી જતાં છતાં તેનું વસ્તુ જૂનું ન થાય. તેનું કારણ એ છે કે, આ વાતોમાં ઈસપે માનવ સ્વભાવ, વૃત્તિ, તથા મનનાં વલણ-વળાંક અને લાગણીઓ વગેરેનું જે રીતે આકલન કરીને નિરૂપ્યું છે, તે એવું મૌલિક અને સનાતન છે. તેમાં જાતિ કે દેશ કાલની પણ મર્યાદા નથી. આથી જ તે કથાઓ અમર પણ બની છે.

આવી મશહૂર જગપ્રસિદ્ધ વાર્તાઓને 'લોકજીવન'ના વાચકો માટે લખવા માંડી હતી. તે હવે પુસ્તક રૂપે આપવામાં આવે છે. એનો અર્થ એ નથી કે, તે ગુજરાતીમાં અગાઉ ઊતરી નહોતી. અનેક કલમે ઊતરે તોય નવીનતા ન મટે એવી આ વાતો છે. અને આ વાર્તાઓના વસ્તુ પર કલમ જ નહીં, ચિત્રકારની પીંછી પણ એવી જ વિવિધતાથી ચાલી છે. આ ચોપડીમાં તે પરથી ચિત્રો પણ સંધર્યાં છે.

'લોકજીવન'માં પડેલી આ વાતો અને તેનાં ચિત્રો વગેરે વણીને પુસ્તકાકાર આપવાના કામમાં મારા સાથી-મિત્ર શ્રી મુકુલભાઈની મદદ ન હોત તો આ વાર્તાઓ આટલી વહેલી ન પ્રસિદ્ધ થઈ શકત. સમાજશિક્ષણ વાચનમાળાના મણકા તરીકે તે અપાય છે. તેના ત્રણ ભાગ આ અગાઉ બહાર પડી ચૂકયા છે. આ તેનો ચોથો ભાગ છે. આશા છે કે આ ચોપડીઓ આબાલવૃદ્ધ સૌને ગમશે.

૯-૧૦'-૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

ઈસપની વાતો

૧. વનરાજ અને મત્સ્યરાજ ૫
૨. ફ્રીડી અને તીતીઘોડો ૬
૩. કાગ, કાચબો અને ગરુડ ૮
૪. પાળની પતરાળી ૧૦
૫. કાચબો અને ગરુડ ૧૨
૬. સિંહ, શિયાળ અને ગધેડો ૧૪
૭. બળિયાના બે ભાગ ૧૫
૮. માંદો સિંહ અને ખંધું શિયાળ ૧૭
૯. વનરાજ અને તેના સલાહકારો ૧૯
૧૦. સૂવર અને શિયાળ ૨૦
૧૧. પારકી આશ સદા નિરાશ ૨૧
૧૨. બે ઉંદર ૨૪
૧૩. સસલું અને કાચબો ૨૬
૧૪. ગરુડ અને તીર ૩૧
૧૫. છોકરી ને દૂધનો દેગડો ૩૨
૧૬. કૂતરો અને તેનો પડછાયો ૩૩
૧૭. ખોદ્યો ડુંગર, કાઢ્યો ઉંદર ૩૫
૧૮. બાંડું શિયાળ ૩૬
૧૯. માછલી અને માણસ ૩૯
૨૦. ખપ અને રૂપ ૪૧
૨૧. કૂકડો અને મોતી ૪૩
૨૨. ગધેડાની યુક્તિ ૪૪
૨૩. એન્ડ્રોક્લિઝ અને સિંહ ૪૫
૨૪. આખલો અને મગતરું ૪૭
૨૫. મધમાખીનું વરદાન ૪૮
૨૬. શિયાળ અને બકરો ૪૯
૨૭. ચોર અને કૂતરો ૫૨
૨૮. ડોસો અને તેના દીકરા ૫૩
૨૯. બેડૂતનું ધન ૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

વનરાજ અને મત્સ્યરાજ

વનના રાજા સિંહે વિચાર કર્યો, 'હું વિશાળ વનનાં પશુઓનો રાજા. તેમ જ સમુદ્રનાં જળચરમાત્રનો રાજા તે મત્સ્યરાજ. અમારી બેની જો દોસ્તી થાય, તો પછી જળચર અને થળચરમાં અમને કોણ પૂછનાર રહે?'

આમ વિચાર કરીને સિંહ એક વાર સમુદ્રકિનારે ગયો અને મત્સ્યરાજને મળ્યો: "મત્સ્યરાજ, તમે અને હું રાજા છીએ — હું વનનો, તમે સમુદ્રના. આપણે દોસ્તી કરવી જોઈએ."

મત્સ્યરાજ કબૂલ થયા.

એક વાર એવું બન્યું કે, વનમાં સિંહને એક વિકરાળ મોટો વરાહ સામે મળ્યો. બે વચ્ચે ઝપાઝપી થઈ ગઈ. વરાહ જબરો મોટો હતો. એક વાર તો એણે સિંહને બરાબર હંફાવ્યો. સિંહે મત્સ્યરાજને પોકાર કર્યો, "હે મિત્ર, દોડ; મને મદદ કર."

ઝપાઝપીમાં સિંહ ઠીક ઠીક થાકયો. વરાહે તેને બરાબર હંફાવ્યો; પછી લાગ જોઈને તે છૂટો પડી ચાલતો થયો. સિંહમાં ફરી લડવાનું ઝાઝું જોર રહ્યું હોય તો એને પાછો પડકારે ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહ મત્સ્યરાજ પાસે ગયો. તેણે તેને કહ્યું, "હે મિત્ર, તેં મને દગો દીધો. મેં ધૂમ પાડી તોયે તું મારી મદદે ન ધાયો, એ કેવું!"

મત્સ્યરાજ — "વનરાજ, તમારી વાત ખરી. મારે તમને મદદ કરવી જોઈએ. પરંતુ તમે એ કેમ નથી જોતા કે, હું જળચર છું; મારાથી જમીન પર અવાય તો મદદ કરું ને? એટલે મારો વાંક ના કાઢો. કુદરતે જ મને એવો બનાવ્યો છે, એને હું શું કરું? આટલું તમે ના સમજ્યા, એ જ મોટી નવાઈ."

ગરજ વખતે ઘણી વાર અક્કલ બહેર મારી જાય છે. ગરજને સાન નહીં, તે આથી જ કહેવાય છે.

૨

કીડી અને તીતીઘોડો

ઉનાળાના દિવસ હતા. એક તીતીઘોડો ખેતરમાં આમ તેમ રમતો ને કૂદતો ફરતો હતો. તે વખતે પાસે જમીન પર એક કીડી જતી હતી. અનાજના દાણા વીણીને તે પોતાના દરમાં લઈ જતી હતી. તે જોઈને તીતીઘોડો કહે, "કીડીબહેન, શાની ધમાલમાં છો? આવો મજાનો સમય છે; રમો, કૂદો. તેને બદલે આ શું માંડ્યું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કીડી — "ભાઇ, અત્યારે વખત છે ત્યારે કામ કરી લઉં છું. પછી ચોમાસું શિયાળો આવે ત્યારે વસમું ન પડે?"

તીતીઘોડો — "તમે તો એવાં ને એવાં જ રહ્યાં! અત્યારની વાત અત્યારે અને ત્યારની વાત ત્યારે! અત્યારે ખાવાની ખોટ નથી, પછી શું? અત્યારથી આગળની ચિંતામાં મરીએ, તો મજા કયારે કરીએ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કીડીએ તો આ ન સાભળ્યુ અને પોતાના કામમાં ઉનાળોભર તે લાગી રહી.

શિયાળાના દિવસ આવ્યા. તીતીઘોડો ખાવાના વખાનો માર્યો મરવા પડચો. કીડી તો સંધરી રાખેલું તે કાઢીને ખાતી હતી. મરવા પડેલા તીતીઘોડાને કીડીની વાત યાદ આવી. પણ તેની વેળા વીતી ગઈ હતી.

તીતીઘોડા પેઠે, માણસો પણ નથી વર્તતા ? ખરે વખતે તેમના પણ તીતીઘોડા જેવા જ હાલ થાય, જો કીડી પેઠે અગમચેતી ન રાખે તો.

૩

કાગ, કાચબો અને ગરુડ

એક તળાવમાં એક કાચબો રહેતો હતો. પાસેના ગામના બીજા તળાવમાં તેનો એક મિત્ર રહેતો હતો.

એક દહાડો કાચબાને પોતાના મિત્રને મળવાનું મન થયું. ચાર પાંચ માઈલ ચાલતો જાય તો પેલે ગામ પહોંચાય. જાતે રહ્યા કાચબાભાઈ ! ટગુમગુ ટગુમગુ કરતા ચાલે તો પહોંચે જરૂર. પણ વાર કેટલી બધી લાગે ? એટલે તેણે જલદી જવાને માટે એક યુક્તિ વિચારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કાચબાએ તળાવના કિનારા પર રહેતા એક ગરુડને કહ્યું, "ગરુડભાઈ, એક વિનંતી કરું? તમારા જેવું કામ છે."

ગરુડ — "બેલાશક; કહો."

કાચબો — "મારો મિત્ર પાસેના ગામમાં તળાવમાં રહે છે, તેને મારે મળવા જવું છે. ચાલતો જઉં તો વાર લાગે. તમે તો બધે ઊડતા જાઓ છો. એ ગામ બાજુ જતા હો તો મને ના લેતા જાઓ?"

ગરુડ — "જરૂર. મારે તો આમ જવું ને તેમેય જવું સરખું. ચાલો તમને મૂકી આવું."

આમ કહી ગરુડે પોતાના પંજામાં કાચબાને પકડીને ઊડવા માંડ્યું. રસ્તામાં તેમને એક કાગડો ભેગો થઈ ગયો. કાચબા જેવો શિકાર ગરુડ ભાઈને મળ્યો જોઈને કહે, "ગરુડભાઈ, આજે તો અચ્છું ખાવાનું મળ્યું! નસીબદાર."

આ સાંભળી ગરુડની બુદ્ધિ બગડી. તે કહે, "વાત ખરી. પણ એનું કોટલું એવું કઠણ છે કે તે ખવાય કેમ કરીને?"

લુચ્ચા કાગડાએ બુદ્ધિ દોડાડી અને તે સાનમાં ગરુડને કહે, "નીચે પથ્થર પર પડે તો કોટલું કચાંય ઠેકાણે થઈ જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરુડે આ પરથી કાચબાને છોડી દીધો. કાચબો બિચારો નીચે પછડાઈને ફાટી ગયો. બંને બેઇમાન પક્ષીઓએ તેની ઉજાણી કરી.

પારકાને બળે કૂદવાથી ઘણી વાર આમ જ આપણી હાણ થાય છે. પારકાનો મહેલ જોઈ આપણી ઝૂંપડીની નિંદા ન કરવી.

૪

પાજીની પતરાજી

વનમાં બધાં પશુઓને સિંહનો ત્રાસ હતો. કાળે કરીને સિંહ માંદો થઈ મરવા પડ્યો. બિચારો તેની ગુફાના મોઢા આગળ પડ્યો પડ્યો જીવ જવાની વાટ જોતો હતો.

વનનાં પશુઓને થયું, હમણાં સિંહ કેમ દેખાતો નથી? તપાસ કરતાં જણાયું કે, એ તો મરવા પડ્યો છે. તેની ગુફા આગળ જઈને જુએ તો તે બિચારો ઢીલો થઈને સૂતો હતો.

સિંહની આવી લાચાર દશા જોઈને પશુઓને વેર વાળવાનું શૂર ચડ્યું. સૂવર, પાડો વગેરે એક પછી એક તેની પાસે જઈને બિચારા સિંહને મારવા લાગ્યાં. સિંહ હવે પહેલાંનો સિંહ રહ્યો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ જોઈને ગધેડાભાઈને શૂર ચડ્યું. તેણે સિંહ પાસે જઈ પૂઠ ફેરવી પાછલા બે પગે તેના મોઢા પર લાત મારી!

સિંહને થયું, 'અરે ભગવાન, આના કરતાં તો મૃત્યુ સારું! આ અપમાન તો મોત કરતાંય ભૂંડું.'

પરંતુ નબળા કે પાજી લોક આમ જ ગધેડાભાઈ પેઠે વર્તે છે. એમાં નથી વીરતા કે નથી લાયકાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

કાચબો અને ગરુડ

એક કાચબો કૂવામાં રહી રહીને થાકચો. તે મનમાં વિચાર કરવા લાગ્યો, "આ પક્ષીઓ કેવાં કલ્લોલ કરતાં આમ તેમ આકાશમાં ઊડે છે અને મજા કરે છે! લાવ, હુંય ઊડતાં શીખું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ગરુડને કાચબાભાઈએ વિનંતી કરી, "ગરુડ-ભાઈ, મને ઊડતાં ના શીખવો?"

ગરુડ કહે, "કાચબાભાઈ, તમારાથી તે કદી ઉડાય? તમને ઊડતાં ના આવડે. એ તમારું કામ નહીં."

પણ કાચબે માન્યું નહીં અને ગરુડને તે ખૂબ કરગરવા લાગ્યો. ગરુડે કાચબાને બે પગ વચ્ચે પકડીને આકાશમાં ઊડવા માંડ્યું. ઊંચે જઈને કાચબાને તે કહે, "હવે બસ? હવે તને ઊડવા માટે છોડું?"

ઊંચે જવાથી કાચબાનો શ્વાસ તો ઊંચો જ ચડી ગયો હતો. પણ તેણે રોફમાં કહ્યું, "અરે ના! હજી ઊંચે ચાલો."

અને એમ કહીને પોતે જાણે હવે ઊડવા લાગ્યો હોય તેમ, પંખીની પેઠે પાંગોઠાં હલાવવા ને ફેલાવવા લાગ્યો. આથી તે ગરુડના પંજામાંથી સરી ગયો અને નીચે એક પથ્થર પર પડ્યો અને ફડ થઈને ફાટી ગયો. તે નહિ તો તેનો જીવ ઊડીને સ્વર્ગે ગયો!

ગજા બહારનું કામ કરનારના બીજા શા હાલ થાય? 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' તે આનું નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

સિંહ, શિયાળ અને ગધેડો

ગધેડે અને શિયાળે સાથે શિકારે જવાનું નક્કી કર્યું. શિયાળ આગળ ચાલતું હતું; ગધેડો પાછળ. એવામાં શિયાળે સામેથી સિંહ આવતો જોયો. તે શિકારની જ ખોળમાં હતો.

આમ ઓચિંતું પોતા પર જનનું જોખમ જોઈને શિયાળ સિંહને કહે, "મહારાજ, આપને માટે શિકાર લઈને જ સામે આવ્યો છું. કૃપા કરીને તે સ્વીકારો. ચાલો મારી સાથે."

આમ કહી શિયાળ પાછળ આવતા ગધેડા ભણી સિંહને લઈ ને ચાલ્યું. ગધેડું બહુ દૂર નહોતું. તેને જોતાંવેંત સિંહે ઠાર કર્યું. પછી તે શિયાળ તરફ વળ્યો અને તેણે એનેય ઠાર કર્યું. સિંહને એમ કે, એકને બદલે બે શિકાર મળ્યા!

મિત્રને દગો દેનાર શિયાળે જેવું કર્યું તેવું ભર્યું. આપણામાં કહેવાય જ છે કે, 'દગા કિસીકા સગા નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

બળિયાના બે ભાગ

એક દિવસ સિંહ શિકારે નીકળ્યો. સાથે શિયાળ, વરુ અને ચિકારડું હતાં. કેટલાય વખત સુધી કોઈ પશુ હાથ ન આવ્યું. છેવટે એક હરણ ઝડપાયું, તેને મારી આણ્યું.

ચાર જણ હવે આ શિકારનો ભાગ વહેંચવા બેઠાં. સિંહે ખોંખારીને કહ્યું, "સાંભળો, હું તમારો રાજા છું, એટલે એક ભાગ તમારે રાજા તરીકે મને આપવો ઘટે."

ત્રણમાંથી એકે શું બોલે? સિંહે આગળ વહેંચણી ચલાવી — "જુઓ, શિકાર કરવામાં તમારામાંથી મારા કરતાં કોણ ચડે એવું છે? મારી દોડ જુઓ; હું કેવી જબરી છલંગ મારું તે વિચારો. શિકાર કરવામાં હું વધારે કામ કરનારો કહેવાઉં. એટલે બીજો એક ભાગ તેટલા સારુ તમારે મને આપવો પડશે."

ત્રણ પશુઓ એકબીજા સામે જોતાં ચૂપ ન રહે તો શું કરે? સિંહે આગળ ચલાવ્યું, "અને આપણે ચાર જણ ભાગિયા છીએ, એટલે મારો એક ભાગ તો હકથી છે જ. હું આ વહેંચણી કરવાનું કામ કરું છું તે પણ મફત તો ન જ જવું જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રહ્યો હવે ચોથો ભાગ. ત્રણ પશુઓને થયું કે, એ તો હવે આપણને ત્રણને મળશે. ત્યાં તો સિંહ તાડૂકયો, "બાકી રહ્યો ચોથો ભાગ. જોઉં છું કયો તમારામાંનો તેને અડકવા આવે છે તે." અને પૂંછડું પછાડી તેણે એવી તો ગર્જના કરી કે, ત્રણે જણ જીવ લઈને નાઠાં. બળિયા જોડે ઓછી બાથ ભીડી શકાય ?

બળિયાના બે ભાગ તે આનું નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

માંદો સિંહ અને ખંધું શિયાળ

પશુઓનો રાજા સિંહ ઘરડો થઈ માંદો પડ્યો. આથી તેને ખાવાના વખા પડવા લાગ્યા. કેમ કે, પહેલાં પેઠે શિકાર કરવા તે જઈ ન શકે.

આથી તેણે એક યુક્તિ કરી : વનનાં પશુઓમાં જાહેર કર્યું, "હે મારાં વહાલાં પ્રજાજનો, હું માંદો પડ્યો છું. હવે થોડા દહાડાનો મહેમાન છું. માટે તમે બધાં મને છેલવારકાં મળી જાઓ, એવી મારી ઇચ્છા છે."

ભોળાં પશુઓએ વિચાર કર્યો, 'આપણા રાજાનો બોલ છે; એમની અંતિમ ઇચ્છા છે. એનું કેમ અપમાન થાય?' આમ વિચાર કરી બકરો, ઘેટો, ગાય, ભેંસ વગેરે સૌ જવા લાગ્યાં.

સિંહને ઘેર બેઠાં શિકાર મળતા થયા. એ તો જે આવે તેને એકએક આહિયાં કરવા લાગ્યો. એની યુક્તિ બરોબર ચાલી.

એક દહાડો શિયાળ તેની પાસે પહોંચ્યું. તે લુચ્ચું પશુ. તેણે જોયું કે, સિંહની બોડ તરફ જતાં પશુનાં પગલાં છે, પણ પાછાં ફરતાં પગલાં દેખાતાં નથી! તે મર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પામી ગયું અને તેણે દૂરથી જ સિંહરાજની ખબર પૂછી,
'વનરાજ, આપની તબિયત કેમ છે?'



સિંહે કહ્યું, 'અરે ભાઈ, પાસે આવીને તો પૂછ. રાજાનું આટલું માન તો રાખ.'

શિયાળે જવાબ આપ્યો, 'મહારાજ, આવું તો ખરો. પણ આપની બીમારી ચેપી લાગે છે. મને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વળગે તો? કેમ કે મેં જોયું કે, જે તમારી પાસે જાય છે તે પાછા ફરતા જ નથી!'

સિંહે આવું અપમાન જિંદગીમાં નહીં વેઠ્યું હોય. શિયાળ ચૂપચાપ તેને 'જ જ' કરીને પોતાને રસ્તે પડ્યું.

કપટ કે છેતરપિંડી સદાકાળ ફાવે નહીં.

૯

વનરાજ અને તેના સલાહકારો

વનના રાજા સિંહે એક વાર ગધેડાને પાસે બોલાવીને કહ્યું, "તું સૂંઘી જો; મારો શ્વાસ ગંધાય છે?"

ગધેડાએ સૂંઘીને કહ્યું, "હા, ગંધાય છે."

સિંહ પશુઓનો રાજા કહેવાય. ગધેડાના ચોખ્ખા જવાબથી તેને ગુસ્સો ચડ્યો. તેથી તેણે ક્રોધમાં આવીને ગધેડાનું મોં કરડી ખાધું.

વનરાજે બકરાને એ જ સવાલ પૂછ્યો. ચતુર બકરો સમજી જઈને બોલ્યો, 'ના, મહારાજ.'

આવો ખુશામતનો જવાબ સાંભળી તેણે એ ખુશામતિયા બકરાને ફાડી ખાધો.

વનરાજે એ સવાલ શિયાળને પૂછ્યો. લુચ્ચું શિયાળ જાણતું હતું કે, ચોખ્ખાબોલા ગધેડાનું અને ખુશામતિયા બકરાનું શું થયું હતું. તેણે યુક્તિભેર જવાબ આપ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
'મહારાજ, મને માફ કરો. મને શરદી થઈ છે, તેથી મારું નાક કામ નથી કરતું.'

આ જવાબથી સિંહે તેને જવા દીધું.

આપણામાં કહેવત છે કે, સત્તા આગળ શાણપણ ન ચાલે. રાજા, વાજાં અને વાંદરાંના રાહ ન્યારા હોય છે.

૧૦

સૂવર અને શિયાળ

એક જંગલી સૂવર એક ઝાડના થડ જોડે તેના દંતૂશળ ઘસતું હતું. તે વખતે ત્યાંથી એક શિયાળ જતું હતું, તેણે એ જોયું. તે સૂવર પાસે ગયું ને કહેવા લાગ્યું :

"અત્યારે કેમ કાંઈ દંતૂશળ ઘસો છો? કોઈ શિકારી તો છે નહીં; હમણાં બીજો કશો ભય પણ નથી; પછી દંતૂશળ ઘસીને તૈયાર થવાની શી જરૂર?"

સૂવર કહે, "શિયાળભાઈ, તમારી વાત સાચી. હમણાં તો શિકારીનો કે કશાનો ભય નથી. પણ વાત એમ છે કે, ખરેખર ભય જ વખતે આવીને ઊભો રહે, ત્યારે મારે દંતૂશળ ઘસવાના કરતાં વધારે અગત્યનાં બીજાં કામો કરવાનાં આવી રહે છે. ત્યારે કાંઈ દંતૂશળ ઘસવા વખત ન હોય."

આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

પારકી આશ સદા નિરાશ

એક જંગલમાં અનેક પશુ રહેતાં હતાં. તેમાં એક સસલાભાઈ પણ હતા. તે અનેક બીજાં પશુ જોડે ખાસ ભાઈબંધી રાખતા : અવારનવાર તેમને મળવા જાય; પોતાને ત્યાં આવવા નોતરે. મિત્ર મહેમાનો જોડે મીઠી મીઠી વાતો કરે અને જંગલમાં મજામાં દહાડા કાઢે.

હવે એક દહાડો એવી ખબર આવી કે, શિકારીઓ તેમના કૂતરા લઈને જંગલમાં શિકાર કરવા આવવાના છે. આથી સસલાભાઈ તો બૂબ જ ગભરાયા. "હવે જરૂર કૂતરા મારો શિકાર કરશે," એમ એમને ફડક પેઠી. બચવા માટે તેમણે મિત્રોની મદદ માગવા માંડી.

પહેલાં સસલાભાઈ રીંછ પાસે ગયા :

"રીંછભાઈ, રીંછભાઈ ! મને મદદ ન કરો ? મારું તો આવી બન્યું. શિકારીના કૂતરા કાલે આવશે ને મને મારી નાખશે. તમે મને તમારી બોડમાં લઈ જઈને ના સંતાડો ?"

રીંછ — અરે, એમાં તે સસલાભાઈ, કાંઈ કહેવાનું હોય ? એ તો મિત્રનું કામ જ ગણાય. મારી બોડ તે તમારી જ છે. પણ એક મુશ્કેલી છે — કાલે મારે એક ખાસ અગત્યના કામે જવાનું નક્કી થઈ ગયું છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એટલે લાચાર છું. પણ આપણા હરણભાઈને કહો તો કેવું? એ તમને પીઠ પર બેસાડીને કચાંય લઈ જશે.

સસલું હરણ પાસે ગયું : "હરણભાઈ, હરણભાઈ! મને મદદ ન કરો? કાલે શિકારીઓ આવે છે; તેથી મને તમારી પીઠ પર બેસાડીને દૂર ના લઈ જઓ?"

હરણ — વાહ! એમાં તે કાંઈ કહેવાનું હોય? પણ તમે જાણો છો કે, શિકારીઓ તો મારા પર પણ તૂટવાના. એટલે મારે જ જીવ લઈને નાસવાનું છે. અને પીઠ પર ભાર લઈને દોડતાં મને ફાવતું નથી, એ તમે જાણો છો. પણ આપણા બકરાભાઈ કાંઈ કરી શકે તો તેમને પૂછો.

સસલું બકરા પાસે પહોંચ્યું : 'બકરાભાઈ, બકરાભાઈ! મને મદદ ન કરો? શિકારીઓ કાલે આવશે ને તેમના કૂતરા મને મારશે.'

બકરો — મિત્રને મદદ ન કરું તો કોને કરું? મિત્રને માટે શું ન કરીએ? પણ તમે કહો છો એમાં એક વાત છે. હું જરૂર મદદ કરું, પણ કૂતરા જો જાણે કે મેં તમને મદદ કરી, તો તે મારા ઉપર ગુસ્સે થાય; અને પછી તો પૂછવું શું? એ તો મારા કુટુંબ પર જ તૂટી પડે. એમનો ખોફ વહોરતાં ડરવું જોઈએ.

બધેથી પાછો પડતો સસલો છેવટે જળકૂકડી પાસે ગયો : "બહેન, તમે તો મને જરૂર મદદ કરો એવાં છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જળકૂકડી — શું છે? તમારે માટે બને તે ન કરું એમ તે હોય?

સસલાએ તેને શરૂથી માંડીને વાત કહી. રીંછ, હરણ, બકરો વગેરે મિત્રો પાસે મદદ માગતાં માગતાં છેવટે તમારી પાસે આવું છું એમ કહ્યું. 'તમે તો મને નિરાશ નહીં જ કરો' એમ કહી સસલું આશાભર્યે ચહેરે જોઈ રહ્યું.

જળકૂકડી — સસલાભાઈ, તમારી દશા જોઈ મને બહુ લાગે છે. આવા જબરા તમારા મિત્રો, છતાં તમારી આ દશા! મને તો તમારે માટે ગમે તે કરવા મન થાય છે. પણ જ્યાં આવા મોટા મોટા તમારા મિત્રો પાછા પડ્યા, ત્યાં મારા જેવી રાંક શું કરી શકે? આ વિચારથી મારું મન જવાબદારી લેતાં પાછું પડે છે.

આમ વાત ચાલે છે ત્યાં તો દૂરથી શિકારીઓના કૂતરાઓના ભોંકારા સંભળાવા લાગ્યા. હવે સસલાભાઈ સમજ્યા કે, વધારે વખત બગાડવા જેવો નથી. તે લાગલા જ દોડ્યા અને દૂર કચાંય જઈ ભરાઈ ગયા. એમ કૂતરાના હાથમાં તે ન આવ્યા.

મિત્રની કસોટી મુશ્કેલી વખતે જ થાય છે.

'પારકી આશ સદા નિરાશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

બે ઉંદર

બે ઉંદર હતા. એક ગામડા-ગામમાં રહી ગયો; બીજો મોટા શહેરમાં પહોંચ્યો. શહેરી ઉંદરને એક વાર વિચાર આવ્યો, 'ઘણા દિવસ થયા, લાવો આપણા દોસ્તને મળી આવીએ.' એક દહાડો તે ગામડિયા ઉંદરને ત્યાં પહોંચ્યો.

ઘણે દિવસે દોસ્ત મળ્યા. ગામડિયા ઉંદરનો હરખ માય નહીં. તેણે પોતાના શહેરી મિત્રને બધે ફેરવીને કોઠીઓ, કોઠલા, સીંકાં અને ખેતર, છાપરાં વગેરે ભાત ભાતની ફરવાની રમવાની જગાઓ બતાવી. પછી દોસ્તને માટે રોટલાના ટુકડા અને કેટલીય ચીજો પીરસી.

શહેરી ઉંદરે જમ તેમ કરીને દોસ્તે બતાવ્યું તે બધું જોયું ને પીરસ્યું તેમાંથી ભાવ્યું તેટલું જરાતરા ખાધું. પછી તે કહે :

"ભલા ભાઈ, તું અહીં પડી રહે છે તેથી મને લાગી આવે છે. તું ચાલ મારી જોડે. જોતો ખરો કે શહેરમાં કેવી મજા છે!"

શહેરી ઉંદર ગામડિયાને લઈને શહેરમાં પહોંચ્યો. મકાને પહોંચીને તે કહે, "આટલી મુસાફરી પછી જરૂર તને ભૂખ લાગી હશે. ચાલ તને જમવાનું આપું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મકાનવાળા બધા ખાઈપીને ટેબલ પર એઠવાડ મૂકીને બહાર ગયાં હતાં. ઉંદરભાઈઓએ વધેલી પાઉંરોટી, બિસ્કિટ, અને કાંઈ કાંઈ સ્વાદિષ્ટ વાનીઓ હતી તે ખાવા માંડી. એવામાં ધડ દઈને ઘરનું બારણું ઊઘડ્યું અને શેઠના બે કૂતરા ભોં ભોં કરતા અંદર દાખલ થયા. ગામડિયો ઉંદર કહે, "અરે ભાઈ, આ શું થયું?"



શહેરી ઉંદર — "ભાગ, શેઠ અને તેના કૂતરા આવ્યા!"

જમ તેમ બંને ભાગ્યા. શહેરી ઉંદરની ફેડે ફેડે ગામડિયો ઉંદર દોડી ગયો. બંને માળિયામાં ભરાઈ ગયા.

જમ તેમ કરીને થોડા દિવસ પેલા ગામડિયા ઉંદરે કાઢ્યા. પછી તે મિત્રને કહે, "ભાઈ, તારું શહેર તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મુબારક. હું તો ચાલ્યો મારે ગામ. રોજ ઊઠીને કૂતરાનો ભય, એ તે કાંઈ જીવન છે! મને તો મારાં ખેતર, કોઠી અને કોઠલાના સૂકા રોટલા અને લૂખા દાણા સારા. રામ રામ."

છતાં, કુદરતને ખોળે નિર્ભય જીવન જ સાચું જીવન છે, એ શહેરી ઉંદર તો ન જ સમજ્યો; અને ન ગામડિયો ઉંદર શહેરી મેવાના મોહમાં રોજની મોતની બીકમાં રહેવા ખુશી હતો. ટેવ કેવી પ્રબળ ચીજ છે!

સુખે મળતો સૂકો રોટલો સારો; માથે મોત અને અપમાન લઈ મેવાના શોખ કરવા ખોટા.

૧૩

સસલું અને કાચબો

ઈસપની કેટલીક વાતો તો કહેવત-રૂપ બની ગઈ છે. તેમાંની આ એક છે.

એક કાચબો હતો. એક દહાડો સાંજ ટગુમગુ ટગુમગુ કરતો તે પોતાને રસ્તે રસ્તે જતો હતો. હવા ખુશનુમા હતી. કાચબો એની રવાલે જતો હતો.

આ વખતે રસ્તામાં બાજુ પર એક સસલું એની બોડમાંથી નીકળીને બહાર મજેદાર હવા માણતું બેઠું હતું. તેવામાં તેની નજર પેલા કાચબા ઉપર પડી. ધીમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ધીમે તેને જતો જોઈ ને સસલાને તેની મશ્કરી કરવા મન થઈ આવ્યું.

સસલું — ઓહો કાચબાભાઈ! કઈ તરફ નીકળ્યા? સવારના નીકળ્યા હશો નહિ?

કાચબો — ઓહો, કેમ સસલાભાઈ? જો જો. હવા સરસ છે, એટલે મને થયું, લાવ જરા પેલા તળાવે ફરી આવીએ; ત્યાં મિત્રોને મળાશે.

સસલું — પણ કાચબાભાઈ! તમારી તે કાંઈ વાત છે! આમ ટગુમગુ કરતા કચારે પહોંચવાના? આમ કચારે કાશીએ સંધ પહોંચે? તમારો તે કાંઈ અવતાર છે!

કાચબો — સસલાભાઈ, ચાલવામાં તમારા આગળ હું કોણ માત્ર? પણ તમારો ને અમારો બંનેનો અવતાર જોવો ભગવાને ઘડ્યો એવો ખરો. એમાં કાંઈ ફેર પડે નહિ. પણ તમે તમારી દોડકૂદની શક્તિનો ગર્વ ના કરો. ગર્વ કોઈનો રહ્યો છે? જો કદી વિચાર થાય તો આવજો એકાદ દહાડો શરતમાં. જોઈએ કોણ પહેલું પોચે પહોંચે છે.

સસલું — કાચબાભાઈ, તમારી ચાલ પેઠે તમારી હિંમતનેય શાબાશ છે! સસલા જોડે અને તે પણ દોડવામાં હોડ! પણ ચાલો, આપણી ઠેરી; બોલો કચારે દોડીશું?

કાચબો — જુઓ સસલાભાઈ, હાથી ને મગતરાની વાત તો તમને ખબર છે ને? પણ એ જવા દો. હમણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જ આપણે શરત દોડીએ. એમાં વળી મહુરત શું જોવાનું?

કાચબાની આ હિંમત જોઈ સસલું મનમાં હસવા લાગ્યું. તે કહે, "કબૂલ; બાંધો પોયું."

કાચબો — આ વન પાર બે એક માઈલ ઉપર જગા છે, ત્યાં તળાવ ઉપર પહેલો પહોંચે તે જીત્યો.

સસલો — કબૂલ. 'શરૂ! એક, બે, ત્રણ!'

એમ કહી સસલો કાચબાને જોતો ઊભો રહ્યો. કાચબો તો ત્રણની સાથે શરત શરૂ કરી. સ્થિર ડગે તેણે મારગ કાપવા માંડ્યો. તેને ડગુમગુ ડગુમગુ કરતો ગોકળ-ગાયની ગતિએ જોઈ ને સસલાભાઈ ખડખડ હસી પડ્યા. પાછું વળીને જોવા સરખી પણ નજર કર્યા વગર કાચબો તો નીકળ્યો તે નીકળ્યો જ.

હવે સસલાભાઈ એકલા રહ્યા. કાચબાભાઈ ને રસ્તે વળાંક આગળ વળતા જોયા; પછી તે દેખાતા બંધ થયા. એટલે સસલો વિચાર કરવા લાગ્યો, "શી આ કાચબાની તે જિગર છે! ખેર. એને બરોબર દેખાડી દઉં. પણ એની ઉતાવળ શી? બે માઈલ કાચબો તો અંધારું થયેય પહોંચશે કે કેમ? અને હું તો આ દોડ્યો કે પહોંચ્યો! આવી સરસ હવા છે; મીઠા મધુર સાંજનો સમો છે. જરા આડા પડીને આરામ કરવાનો કેવો અચ્છો સમય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આરામ લઈ ને દોડવાની પણ લહેર આવશે ને પછી દોડવાનું કામ પણ ઉત્તમ થશે.”



આમ વિચાર કરીને સસલું કુમળા ઘાસમાં સૂઈ ગયું. સૂતું તે સૂતું. એ તો એવું ઊંઘી ગયું કે અંધારું થઈ ગયું ત્યાં સુધી હાલ્યું નહિ. આ બધો વખત કાચબો તો પોતાનાં બધાં અંગોને બરોબર રાખીને, એક જ માર્ગે, બને તેટલો પૂરો સપાટો મારી, સરસર સરસર ચાલ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ગયો. પાછળ સસલું આવે છે કે નહિ તેય તેણે જોવાની પરવા ન કરી. તે ભલો ને તેનું કામ ભલું. ઊંધું ઘાલીને તે તો પોતાનો માર્ગ કાપતો જ ગયો. સાંજ પડે ને અંધારું થાય તે પહેલાં તે વન પાર કરી તળાવને કિનારે જઈ ને બેઠો.

હવે ગર્વથી મનમાં નિરાંત વાળીને વનમાં ધોરતું સસલું જાગ્યું. જુએ તો અંધારું થયેલું! હાંફળું ફાંફળું થતું તે તરત દોડવા લાગ્યું. થેકડે ને ફૂદકે ફાળો ભરતું તે વન પાર પેલા તળાવ તરફ ઊપડ્યું. કેટલેય સુધી જતાં તેને કાચબો તો રસ્તામાં મળ્યો પણ નહિ. મનમાં ગભરાટ પેઠો, "અરે, કાચબો આગળ પહોંચી તો ન ગયો હોય!"

તળાવ પાસે આવીને જુએ તો કાચબાભાઈ અંગ ફેલાવી આરામ કરતા હતા! હવે એને આરામ કરવાનો વખત હતો. સસલાભાઈએ અક્ષર બોલ્યા વિના ત્યાંથી ચલતી પકડી અને તે પાછા વનમાં પેસી ગયા.

મદ અને પ્રમાદથી પ્રબળ મોટા માનવીઓ પણ પણ આમ જ પડે છે અને મરે છે; અને સામી બાજુ નમ્ર હિંમત અને એકાગ્ર અડગતા રાખીને સતત લાગ્યા રહેનારા નાના લોકો પણ અંતે જીવન-જંગમાં, કાચબા પેઠે, જીતે છે. માત્ર તેમણે કાચબા પેઠે એકાગ્ર અને જાગૃતિભેર પ્રયત્નશીલ બનવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આથી જ કાચબાના દાખલો આપીને ગીતાકારે માણસોને પણ બોધ આપ્યો છે અને કહ્યું છે —

"કાચબો જમ અંગોને,
તેમ જ વિષયો થકી.
સંકેલે ઈંદ્રિયો પૂર્ણ,
તેની પ્રજ્ઞા થઈ સ્થિર."

૧૪

ગરુડ અને તીર

એક ગરુડ પક્ષી આકાશમાં જતું હતું. જમીન પરથી એક પારધીએ તેને જોયું. લાગલું જ બાણ પર તીર સાંધી તેના તરફ તાક્યું. તીર બરાબર ગરુડની છાતીમાં વાગ્યું. ઘાથી વીંધાઈને ગરુડ તીરની સાથે જમીન પર પડવા લાગ્યું.

હજી ગરુડનો જીવ ગયો નહોતો. નીચે પડતાં પડતાં તેની નજર તીરના છેડા પરનાં પીંછાં ભણી ગઈ. જુએ તો ત્યાં પોતાની જ જાતના પક્ષીનાં પીંછાં હતાં! મરતાં મરતાં તેને વિચાર આવ્યો, 'હે રામ! આ કેવો કરુણ અને કારમો ઘા કહેવાય? મારી જાતનાં જ પીંછાંએ આ તીરને જોર આપ્યું ને તેણે મને જ વીંધ્યો!'

ઘર ફૂટ્યે ઘર જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

છોકરી ને દૂધનો દેગડો

એક છોકરી દૂધનો દેગડો લઈ રોજ પાસેના ગામમાં દૂધ વેચવા જતી હતી.

એક દહાડો તે વિચારે ચડી : આજે દૂધ વેચું તેના પૈસામાંથી મરઘીનાં ઈંડાં લાવીશ. મજ્જનાં ચાર પાંચ ગોળ ગોળ ઈંડાં લાવીશ. એમાંથી બચ્ચાં થશે. તેમને મોટાં કરીશ. મોટાં થઈ મરઘી થશે. એમાંથી વળી બચ્ચાં થશે. એટલે થોડીક મરઘીઓને બજારમાં વેચીશ. તેમાંથી પાછા પૈસા આવશે. એટલે એક સરસ લીલી ઓઢણી ને રૂપાળો ચણિયો લાવીશ. એ પહેરીશ ત્યારે એવી રૂપાળી દેખાઈશ કે જે તે મને જોઈને રાજી થશે. અને મારું માયું કરશે. પણ હું તો બરોબર ડોકું ધુણાવીને ના કહીશ.

આમ વિચારે ચડેલી છોકરીએ ખરેખર ડોકું ધુણાવ્યું ને દૂધનો દેગડો માથેથી ધબાક દેતોને નીચે પડ્યો!

આ ઉપરથી અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે, ઈંડાં સેવાઈ ન રહે ત્યાં સુધી તેને ગણવાં નહીં. હવામાં કિલ્લા બાંધવા સહેલા, પણ તેમાં રહેવાનું ન મળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

કૂતરો અને તેનો પડછાયો



એક કૂતરાને કચાંકથી હાડકાનો ટુકડો જડ્યો. તે લઈ ને એ જતું હતું. રસ્તામાં એક નાળું આવ્યું. તે પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તે જવા લાગ્યું. જતાં જતાં તેણે નીચે પાણીમાં જોયું, તો ત્યાં પણ એક કૂતરો હાડકું મોંમાં લઈ ને જતો જોયો. તેને લોભ થઈ આવ્યો — 'લાવને, આ કૂતરાને ભસીને ડરાવી કાઢું, એટલે મને બીજો ટુકડો મળે.' એમ વિચારી તે પેલા પાણીમાંના કૂતરા ભણી ભસવા લાગ્યું. આથી તરત મોંમાંનું હાડકું પાણીમાં પડી ગયું. ત્યારે એને ભાન આવ્યું કે, હતું તે ગયું. ને જુએ તો પાણીના કૂતરા પાસે પણ હાડકું ન મળે!

આથી જ સંસ્કૃતમાં કહેવત છે કે,

"યો ધ્રુવાણિ પરિત્યજ્ય
અધ્રુવં પરિષેવતે,
ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ,
અધ્રુવં નષ્ટમેવ ચ."

જે હાથમાં આવેલી વાતને છોડી હાથ બહારની વાત હાંસલ કરવા તરફ જાય છે, તેની હાથની વાત તો ગઈ, અને હાથ બહારની વાત તો ગયેલી જ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

ખોદ્યો ડુંગર, કાઢ્યો ઉંદર

એક વાર એક પર્વતમાં ખૂબ ધૂમધરાડા અને ઘોંઘાટગર્જના થતાં હતાં. આ સાંભળીને લોકો ચારે બાજુથી તેની પાસે દોડી આવ્યા. તેમને થયું, "આ શું થતું હશે? આવું તો કદી જાણ્યું નહોતું."

એક જણ કહે, "પર્વત જણવાનો થયો છે, તેથી આમ કરે છે."

લોક હસવા લાગ્યા, 'પર્વત વળી શું જણે?'

એક કહે, 'એમાંથી નાનો ડુંગર નીકળશે.'

બીજો કહે, "અરે ના, એમાંથી તો દરિયો નીકળી આવશે."

તો કોકે વળી કહ્યું, "અરે, એમાંથી તો વિકરાળ કોઈક પશુ જનમશે."

આમ લોકો ભાત ભાતની વાતો કરતા હતા. તેવામાં પર્વતની બખોલમાંથી એક ઉંદર બહાર આવ્યો! બધા લોકો ખડખડ હસી પડ્યા ને કહેવા લાગ્યા — 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર!' હોહા ને ઘોંઘાટ તો એવાં થયાં કે, જાણે શુંનું શું થઈ જશે. પણ ઘણી વાર પેલી કહેવતમાં કહ્યા પ્રમાણે, "ગાજ્યા મેહ વરસે નહીં ને ભસ્યો કૂતરો કાટે નહીં."

કહેવામાં અને કરવામાં બહુ અંતર હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

બાંડું શિયાળ

એક શિયાળ ફરવા નીકળ્યું હતું. વનમાં એક શિકારીએ ફાંદો ગોઠવ્યો હતો. શિયાળ તેમાં ફસાઈ ગયું. છૂટવા ખૂબ મહેનત કરી. જમ તેમ કરીને નીકળ્યું, પણ પૂંછડી એવી ભરાઈ રહી કે નીકળતાં તે તૂટી ગઈ. શિયાળ બાંડું થઈ ગયું. પૂંછડી જતાંય છૂટ્યું તે માટે મનમાં પ્રભુનો પાડ માનતું તે ત્યાંથી જીવ લઈ ને ભાગ્યું.

પણ પૂંછડી જવાથી નવી પીડા ઊભી થઈ. વનમાં પોતાના સાથીઓ પાસે જતાં તેને મનમાં વિચાર આવ્યો, "હું છૂટ્યું એ તો સારું થયું. પણ પૂંછડી વગરનું બાંડું થયું, તે જોઈ ને મારા જાતભાઈઓ મારી મશ્કરી કરશે. મને બાંડું! બાંડું! કહેશે. આનું શું કરવું? કાંઈક રસ્તો કાઢવો જોઈએ. નહીં તો રોજની આ ફજેતી તો જીરવાશે કેમ કરીને!"

તેણે આ માટે આબાદ યુક્તિ વિચારી કાઢી. જતાંવેંત તેણે લાગલી બધાં શિયાળની સભા બોલાવી, અને તેમને એક મોટું ભાષણ આપ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મિત્રો, એક મોટી શોધ મેં કરી છે; તે સૌને કહેવાને માટે આ સભા બોલાવવામાં આવી છે. તમે જુઓ છો કે, મેં પૂંછડી કાઢી નંખાવી છે. આ વસ્તુ મને અત્યાર સુધી કેમ ન સૂઝી, એ જ નવાઈની વાત છે. પરંતુ જાગ્યા ત્યાંથી સવાર. પૂંછડી ન હોવી એ એક કેવી મજાની ને અદ્‌ભુત ચીજ છે, એનો તમને ખ્યાલ નહીં આવે. પણ હું અનુભવે કહું છું. આપણી પાછળ પૂંછડીનો એ ભારો વળગી રહેવાથી શો ફાયદો હતો? એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ભાર શું કામ ઊંચકીને ફરવું જોઈએ? મને હવે હલકું ફૂલ જેવું લાગે છે. દોડવાનું તો હવે એવું ફાવે છે કે જાણે તીર છૂટ્યું! આથી મને મનમાં સ્વાભિમાન છૂટે છે.

"અને પૂંછડી હોવાથી આપણું રૂપ પણ ઓછું જ વધતું હતું? આ મનુષ્યો મગરૂર થઈને દુનિયામાં ફરે છે. તે શાથી? એમને પૂંછડી નથી. એમની પાસેથી પણ આપણે આ શીખવું જોઈતું હતું. તમને પણ મારી પેઠે નવાઈ લાગશે કે, આવો સીધો વિચાર અત્યાર અગાઉ કેમ આપણને ન આવ્યો! ખેર, હવે આપણે સદ્‌ભાગ્યે એ વિચાર મને મળ્યો છે, અને એ હું તમારી આગળ મૂકું છું. આપણે કાલથી જ તેનો અમલ કરવા માંડીએ. બધાએ પોતાની પૂંછડી કપાવી નાખવી."

આ અદ્‌ભુત વિચાર સાંભળી બધી શિયાળોએ 'ઊકા, ઊકા' પોકારી તાળીઓ પાડી. થોડી વારે એક ઘરડો શિયાળ ઊભો થયો ને બોલ્યો, "એ વાત તો ખરી; પણ તમે આજે કચાંથી જાગ્યા? તમારી પૂંછડી ગઈ એટલે જ આ જ્ઞાન અમને આપવા નીકળ્યા છો ને?"

બાંડા શિયાળની યુક્તિ ઉઘાડી પડી ગઈ. ઘણા લોક આમ જ 'પડ્યા ત્યારે કહે નમસ્કાર', — ના જેવું કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

માછલી અને માણસ

એક માછી હતો. સંગીત અને નાચનો એ શોખીન હતો. એક દહાડો તે નદીકિનારે ગયો. ત્યાં જઈ તેણે વિચાર કર્યો —

"મારી મોરલી વગાડું તો તેના સૂર સાંભળીને માછલી ઉપર આવશે તથા તાનમાં આવીને નાચવા લાગશે. એટલે તે વખતે હું તેમને મનમાની પકડી લઈશ."

આમ વિચારીને તેણે માછલી પકડવાનો આ કલામય ઉપાય અજમાવવા માંડ્યો.

તેણે મોરલી શરૂ કરી. તેનો સૂર જમ્યો. તેના તાનમાં તે પોતે ડોલવા અને નાચવા લાગ્યો. પણ એક માછલી તો ફરકી જ નહીં! એનો ઉપાય નકામો પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એણે જાળ પાણીમાં નાખી. થોડી વારમાં બહાર કાઢી ત્યારે તેમાં ઢગ માછલી ભરાઈ આવી. તેથી રાજી થઈ એ પાછો મોરલી વગાડવા લાગ્યો. જળમાં પડેલી માછલીઓ કૂદાકૂદ કરતી હતી. હવે તેમને આમ નાચતી જોઈ ને માછીએ તેમને પૂછ્યું :



" અલી માછલીઓ, પહેલી મેં મોરલી વગાડી ત્યારે તમે કોઈ ના કૂદી આવ્યાં. હવે શું કામ કૂદો છો ? "

એક ઘરડી માછલીએ જવાબ આપ્યો, " જો ભાઈ, પહેલાં અમે જળમાં મુક્ત હતાં. અમારા તાનમાં અમે સ્વતંત્ર વિચરતાં હતાં. ત્યારે અમને બીજા કોઈ સંગીતની શું કામ પરવા હોય ? હવે એ અમારું જીવન-સંગીત પૂરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
થયું. અમે તારી જાળમાં ફસાયા. અમારે માટે હવે એ જીવન-સંગીત પૂરું થયું અને તારું બંધન-સંગીત શરૂ થયું. એટલે હવે તું જેમ ગાય તેમ અમે ના નાચીએ તો શું કરીએ? અમારે માટે એ મરણગીત જ છે; પણ હવે એના સૂરે નાચ્યા વગર છૂટકો નથી!''

મુક્તિ અને બંધન વચ્ચે ફેર છે.

૨૦

ખપ અને રૂપ



એક સાબર હતું. તેને પોતાના રૂપનું ખૂબ અભિમાન હતું; — ખાસ કરીને શીંગડાંનું. નદી તળાવમાં પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પીતાં, પોતાના મુગટ પેઠે શોભતાં ઘણીકદાર શીંગડાંનો પડછાયો જોવા મળે, ત્યારે તે જોઈને એ મલકાતું ને મનમાં પોતાને કહેતું, "ઓહો, રાજાના મુગટ જેવાં મારાં આ શીંગડાંથી હું કેવું રૂપવાન લાગું છું! પણ તેની સાથે આ મારા લાંબા લાંબા સૂકલકડી પગ પણ જો રૂપાળા હોત, તો મારા રૂપની કશી મણા ન રહેત."

એક દહાડો આ રીતે તે એક તળાવને કાંઠે રૂપ-સમાધિમાં પડ્યું હતું, ત્યાં ઓચિંતા શિકારીના કૂતરા ભસતા સંભળાયા. સફાળું તે જાગ્યું અને સાબર-વેગે તેના કદરૂપા પગ એને એનાં રૂપાળાં શીંગડાં સાથે લઈને ભાગ્યા. શિકારીથી બચવા તે એક ઝાડી તરફ દોડ્યું.

કુદરતનું કરવું તે દોડતાં દોડતાં તેનાં શીંગડાં ઝાડીમાં ભરાયાં ને તે ક્રમે કરતાં ન વછૂટ્યાં. હવે સાબરના વિચાર બીજી રીતે વહેવા લાગ્યા. જે શીંગડાં જોઈ થોડી વાર પર તે રાજી રાજી થતું હતું, તે જ અત્યારે દુશ્મન થઈ બેઠાં હતાં; અને જે પાતળા પાતળા પગને વખોડ્યા હતા તે જ તેને બચવાના ખપમાં આવ્યા હતા!

આ વિમાસણમાંથી છૂટે ત્યાં તો શિકારી આવી પહોંચ્યો. અવશ સાબરને આમ મોતને શરણ થવું પડ્યું.

રૂપ રૂપ છે અને ખપ ખપ છે. બે વચ્ચે ભૂલ ન ખાવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

કૂકડો અને મોતી

એક કૂકડો આમ તેમ દાણા કે જીવડાં ખોળતો કૂડાકચરામાં ચાંચ મારતો મારતો ફરતો હતો. કોકનું મોતી પડી ગયું હશે તે તેની ચાંચે ચડ્યું. તેને થયું, 'વાહ, આજ તો કાંઈક ખરું મળી ગયું!' તેણે મોતીને એક બે વાર ચાંચ મારી જોઈ. કાંઈ વળ્યું નહીં.

તેની પાસે મરઘીઓ ફરતી હતી. કાંઈક સારું સારું મળ્યું કે શું, એમ માનીને તે બધી તેની પાસે દોડી આવી અને ચારે બાજુ ફરી વળીને મળેલા મોતીને વખાણવા લાગી.

કૂકડે જોઈ લીધું કે, મોતી કાંઈ આપણા કામની ચીજ નથી. એટલે કૂકડો ખસીને બાજુ ગયો અને પાછો ખાવાની ખોળાખોળમાં લાગી ગયો.

આમ છતાં, મરઘીઓને ત્યાંની ત્યાં જ ઊભેલી જોઈને કૂકડો કહેવા લાગ્યો, 'જેને કામનું હોય એને એ જરૂર કીમતી; પણ મારે તેનું શું? ન તેને હું ખાઈ શકું, ન તેનો મારે કશો ખપ!'

તેથી જ કહેવાય છે કે, હીરામોતી ને સોનું કે તેના જેવી વાતથી પેટ ન ભરાય.

જેવી જેની જરૂર, તેવી તેની કદર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

ગધેડાની યુક્તિ

એક વેપારી પોતાના ગધેડા પર મીઠું લાદીને ગામ જતો હતો. રસ્તામાં એક વહેળિયું આવતું હતું. તેના પર પાટિયાંનો સાદો ગામઠી પુલ હતો. તે પરથી જતાં એક દહાડો ગધેડાનો પગ સરક્યો અને તે નીચે પડી ગયું. વહેળિયામાંથી તરીને સામે પાર આવ્યું. પણ પાણીમાં પલળવાથી મીઠું ઓગળીને ઘણું ઓછું થયું. આથી ગધેડાને બોજો ઓછો થયેલો લાગ્યો, તેથી તેને મજા પડી.

પછી તો જ્યારે જ્યારે આ જગાએથી જવાનું થાય ત્યારે ત્યારે ગધેડું નીચે ગબડી પડે; એમ ભાર ઓછો કરી લેવાની રીત જ એણે તો બનાવી કાઢી.

વેપારીને આમ કેમ પાલવે? તેને તો મીઠાનું નુકસાન થાય. તેણે વિચાર કર્યો કે, ગધેડાને પાઠ શીખવવો પડશે.

એક વાર એ વેપારીએ એવું કર્યું કે, મીઠું ભરવાને બદલે વાદળીના ટુકડાનો ઢગ તેના પર લાદ્યો, અને ગામ જવા નીકળ્યો. પેલો પુલ આવતાં ગધેડું, તેના નિયમ પ્રમાણે, પાણીમાં પડી ગયું, અને તરીને સામે પાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આવ્યું. પણ આ વખતે ભાર હળવો થવાને બદલે એવો તો વધી ગયો કે, તેનાથી માંડ માંડ પાણીમાંથી નીકળાયું અને કેમે કર્યું ચલાય નહીં. વાદળીના ટુકડા પાણીથી તરબોળ હતા. વેપારીએ એ બધા ભાર સાથે તેને ગામ સુધી હાંકી આણ્યું.

પ્રામાણિકપણે પોતાનું કામ ન કરનારા આમ જ મૂર્ખ બનીને છેવટે ફસાય છે.

૨૩

ઍન્ડ્રોક્લિઝ અને સિંહ

ઍન્ડ્રોક્લિઝ નામે એક હબસી ગુલામ હતો. ગુલામી કોને ગમે? એ તો એક દહાડો છાનોમાનો નાસી ગયો જંગલમાં. ભોગ જોગે ત્યાં એક સિંહ એને મળ્યો. એને થયું, આ તો મૂઆ બાપલિયા! પણ સિંહ તો ન મારે કે ન પાછો જાય — તે તો તેની પાસે જ આવ્યા કરે! તે લંગડાતો હતો, કેમ કે તેના પગની પોચી ગાદીમાં કાંટો ભોંકાયો હતો. ઍન્ડ્રોક્લિઝ આ સમજ્યો. હિંમત કરીને એણે તે સિંહનો કાંટો કાઢ્યો. સિંહ એને માર્યા વગર ચાલ્યો ગયો!

હવે ગામમાં ઍન્ડ્રોક્લિઝની શોધાશોધ ચાલી. શેઠે ગુલામ ખોળવા માણસો દોડાવ્યા. ઍન્ડ્રોક્લિઝ પકડાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજ્યનો કાયદો એવો હતો કે, ગુલામ જો નાસી જાય તો તેને મરણની સજા કરવી. ઍન્ડ્રોક્લિઝને સિંહ પાસે મરાવવાનું ઠર્યું.

માણસ અને સિંહની આ ક્રૂર સાઠમારી જોવા સૌ લોક ભેગું થયું. ઍન્ડ્રોક્લિઝ ઊભો હતો તેની સામે સિંહ છોડવામાં આવ્યો. ધૂરકતો ને ગર્જતો સિંહ તેની પાસે તો આવ્યો. પણ આ શું? ઍન્ડ્રોક્લિઝને જોઈને એ તો ધીમે ધીમે તેના પગ આગળ આવી, જાણે પાળેલો હોય એમ, પ્રેમ કરતો બેસી ગયો! શાથી એમ હશે તે કહો જોઈએ?

એ પેલો કાંટાવાળો સિંહ હતો.

ભલાઈ એવી ચીજ છે કે સિંહ જેવાને પણ અસર કર્યા વગર રહે નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

આખલો અને મગતરું

એક મગતરું આખલાના માથાની આસપાસ ગણગણતું ફરતું હતું. થોડી વાર પછી તે એના શીંગડા પર જઈને બેઠું. ત્યાં રહીને તે આખલાને કહે,

"માફ કરજો; મેં તમારાં કાન આંખ આગળ ગણગણ કરીને તમને બહુ પજવ્યા હશે. હવે તમારા શીંગડા પર બેઠું છું. જો તેનાથી ભાર લાગે ને તકલીફ થાય છે કહો તો ત્યાંથીય ઊડી જાઉં."

આખલો કહે, "ઓહો! મગતરાભાઈ, તમે છો કે? મને તો ખબરે નહિ કે તમે ત્યાં બેઠા છો. તમે એટલા બધા 'ભારે' છો કે તમે બેસો તોય શું અને ના બેસો તોય શું! તમે અહીં છો એ જ તમે બોલ્યા ત્યારે જાણ્યું!"

નાના મનના લોકને પતરાજી બહુ હોય. 'કમ જોર ગુસ્સા બહુત' જેવી એ વાત છે. બાકી કયાં મોટો આખલો અને કયાં રજ જેવું મગતરું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

મધમાખીનું વરદાન

મધથી ભરપૂર ભરેલા મધપૂડાથી હરખાઈ ને તેની રાણી દેવને મધની ભેટ આપવા ગઈ. સ્વાદિષ્ટ મધ જોઈ દેવ રાજી થયા અને મધમાખની રાણીને વરદાન માગવા કહ્યું.

રાણીએ કહ્યું, "ભગવાન, માણસ બહુ ખરાબ છે. તે મારું મધ લૂંટવા આવે છે. તેને મારી નાંખવા મને ઝેરી ડંખ આપો."

ભગવાનને તો તેનાં સૌ પ્રાણી સરખાં; તેમાંય માણસ તો તેનું સૌથી સરસ સર્જન કહેવાય. મધમાખનો તેના પર આવો ડંખ જોઈ ને ભગવાન જરા નારાજ થયા. જે જેવું કરે તેવું ભોગવે, એ ન્યાય છે. તેથી મધમાખીને તેમણે કહ્યું, "તથાસ્તુ. તને ડંખ તો આપું છું. પણ તે માણસને સાવ મારી નહીં નાખે; પરંતુ તું એને મારવા તાકે છે. તો તારા ડંખથી તું જ મરશે."

સામાને નુકસાન કરવા જતાં, પહેલું આપણને નુકસાન થાય છે, એ ઘણી વાર આપણે ભૂલીને જ ચાલીએ છીએ. જગતની ઘણીખરી પીડા આવા વેર કે ઈર્ષાના ભાવમાંથી જન્મે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

શિયાળ અને બકરો

લુચ્ચી શિયાળ એક દહાડો, ફરતી ફરતી, એક કૂવામાં પડી ગઈ! કૂવો એટલો ઊંડો હતો કે, તેનાથી આપમેળે બહાર નીકળાય નહિ.

એવામાં દૈવનું કરવું તે એક કદાવર બકરો કૂવાને કાંઠે આવી ચડ્યો. તે તરસ્યો થયો હતો. દુકાળનું વર્ષ હતું, એટલે નદીનાળાં કે તળાવમાં આસપાસ કયાંય



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પાણી નહોતું. પાણીની ખોળમાં તે પેલા કૂવાને કાંઠે આવીને ઊભો.

બકરાએ કૂવામાં ડોકિયું કર્યું. જુએ તો અંદર શિયાળ હતું.

શિયાળે પણ બકરાને ઉપર જોયો. આનંદથી પાણીમાં લહેર કરતું હોય એમ તે ત્યાં ગેલ કરવા લાગ્યું. જાણે કે, કાંઈ દુઃખ જ ન હોય! જાણે કે, દુકાળના નપાણિયા વખતમાં મજા કરવા મહીં પડ્યું હોય!

શિયાળને જોઈને બકરાએ કહ્યું, "કેમ શિયાળ-બહેન, પાણી કેવુંક છે? હું તરસ્યો છું તેથી પૂછું છું. અંદર આવું?"

આંખના પલકારામાં લુચ્ચી શિયાળે બહાર નીકળવાનો લાગ જોઈ લીધો. તેણે જવાબ આપ્યો:

"બકરાભાઈ, પાણીનું તો પૂછો નહીં. એવું મીઠું છે કે પી પી કરીએ તોય ધરાવાય નહીં. હું તો તેથી અહીં જ રહેવા માગું છું. દુકાળ છે એટલે ઉપર પાણી નથી; અહીં તો ખાસું મજેદાર મીઠું પાણી જોઈ એ એટલું છે. તમે જરૂર આવો; કૂવો સાંકડો છે ખરો, પરંતુ પાણી પીવા માટે તમને જગા ન આપું એ કેવું કહેવાય?"

બાઘો બકરો શિયાળની આવી આવકારવાણી સાંભળી ફુલાઈ ગયો, અને અંદર કૂદી પડ્યો. જુવે તે થોડેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
નીચે આવ્યો કે તરત શિયાળ ફૂદકો મારી એની પીઠ પર ચડી ગઈ, અને જરા વાર લગાડચા વગર, તેનાં મોટાં શિંગડાં પર પગ ટેકવીને બીજી છલંગ મારી ઉપર કાંઠાને વળગી બહાર આવી ગઈ!

ઉપર આવીને ખડખડાટ તે હસી અને ત્યાંથી જતા પહેલાં કૂવામાં પડેલા બકરાને તેણે કહ્યું, "બકરાભાઈ, જુઓ, મેં તમને આખી જગા આપી! હવે કૂવાનું મધુરું પાણી પીતા રહેવાની તમારી વારી આવી. હવે હું ચરવા જઈશ. તે પહેલાં એક વાત કહેતી જાઉં :—

"તમે લાંબી દાઢી રાખો છો ખરા, પણ તેટલી લાંબી અક્કલ હોય એમ દેખાતું નથી. કોઈ વાત સાંભળી કે તે વિચાર્યા વિના તેમાં કૂદી ન પડવું. છતાં, કૂવામાંથી બહાર નીકળવા માટે મને તમે મૂર્ખતામાં પણ મદદ કરી અને તક આપી, તેને માટે તમારો આભાર માનું છું. રામ રામ! હવે જો બહાર આવો તો મળજો; નહીં તો સ્વધામમાં પહોંચીશું ત્યારે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

ચોર અને કૂતરો

એક ખેડૂતને ઘેર રાતે ચોર આવ્યો. ખેડૂતના કૂતરાએ તેને જોયો; તેણે ભસવા માંડ્યું. ચોરને થયું, 'આ કૂતરાએ તાલ બગાડ્યો. લાવ એને પટાવું!' એમ વિચારી ચોરે કૂતરા ભણી રોટલો નાખ્યો. કૂતરો વફાદાર હતો. તેને થયું, "આ માણસ મારો શેઠ નથી કે તેનો કોઈ મિત્ર નથી. તે મને રોટલો શું કામ નાખે? અને તે અત્યારે શું કામ નાખવા આવે? નક્કી આ તો મને ચૂપ કરવા લલચાવે છે."

આમ વિચારી કૂતરો તો વળી જોરથી ભસવા લાગ્યો. ચોરે ધીમેથી એને પુચકાર્યો. કૂતરો કહે, "એમ હું નહીં છેતરાઉં. તું આવ્યો ત્યારે મને શંકા હતી કે, કોણ જાણે કોઈ ધરનું કે ઓળખીતું તો નહીં હોય? પણ મને રોટલો નાખ્યો તેથી મારી ખાતરી થઈ કે, આ તો કોઈ છેતરે છે, મને ચૂપ કરીને ચોરી કરી જવા આવ્યો છે."

ચોર સમજી ગયો ને તેણે ચૂપચાપ ચાલતી પકડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

ડોસો અને તેના દીકરા

એક ડોસાને ત્રણ દીકરા હતા. તેઓ હંમેશ માંહોમાંહે લડતા હતા. એ જોઈ ડોસો ઘણો દુઃખી થતો.

એક વખત ડોસો બૂબ માંદો પડ્યો. તેને લાગ્યું કે, મોત પાસે આવ્યું છે, હવે લાંબો વખત જિવાશે નહિ. એટલે તેને ચિંતા થવા લાગી કે, "છોકરાઓ જો આમ લડ્યા કરશે તો મારા મૂઆ પછી તેમનું શું થશે? તેમને કોઈ ઉપાયે આની સમજણ પાડવી જોઈએ."

આમ વિચાર કરી, એક દહાડો ડોસાએ પોતાના બધા છોકરાઓને પથારી પાસે બોલાવ્યા, અને એક છોકરાને કહ્યું: "બેટા, વાડામાંથી સાંઠીની એક ભારી લઈ આવ."

છોકરો વાડામાં જઈ ભારી લઈ આવ્યો. ડોસાએ તેને કહ્યું, "ભાઈ, એ ભારીને ભાગ."



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
છોકરો ભારી ભાગવા તૈયાર થયો. વચ્ચે પગ મૂકી બે છેડા પકડી તેણે જોર કરવા માંડ્યું. પરંતુ ભારી કેમે કરતાં ભાગી નહિ. તેણે કહ્યું, "બાપા, આ તો નથી ભાગતી."

ડોસાએ બીજા છોકરાને તે ભારી ભાગવા કહ્યું. તે પણ ભારીને ભાગી શક્યો નહિ.

ડોસાએ ત્યાર પછી ત્રીજા છોકરાને પણ તે પ્રમાણે આખી ભારી ભાગવા કહ્યું. એ પણ તે ભારી ભાગી શક્યો નહિ.

પછી ડોસાએ તે ભારીને છોડી નાખવા કહ્યું. ભારી છૂટી થઈ, એટલે ડોસાએ દરેક છોકરાને તેમાંથી એક એક સાંઠી લેવા કહ્યું. દરેકે એક એક સાંઠી લીધી. એટલે ડોસાએ કહ્યું, "હવે, એને ભાગો. જુઓ તે ભાગે છે!" દરેક એક એક સાંઠીને તો રમતમાં ભાગી નાખી.

પરંતુ આ બધું બાપા શા સારુ કરાવે છે તેનો મર્મ છોકરા સમજ્યા નહોતા. એટલે ડોસાએ તેમને કહ્યું, "જુઓ, ભારીની સાંઠીઓ જ્યાં સુધી ભેગી હતી, ત્યાં સુધી તમે કોઈ તેમને ભાગી શક્યા નહિ. પરંતુ તે સાંઠીઓ છૂટી પડી, એટલે તમે તેમને સહેલાઈથી ભાગી નાખી. તે જ પ્રમાણે તમે ત્રણે ભાઈ ભેગા હશો તો તમારું જોર ઘણું થશે. પરંતુ લડી ઝઘડીને તમે છૂટા પડી જશો, તો તમારું જોર ઓછું થઈ જશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
છોકરાઓ ડોસાની વાત સમજી ગયા. અને તે દિવસથી તેમણે માંહોમાંહે લડવાનું છોડી દીધું. પછી તેઓ સંપીને સુખમાં રહેવા લાગ્યા. ડોસો તે જોઈ શાંતિથી મરણ પામ્યો.

સંપ ત્યાં જંપ. સંપ આપણી મોટી તાકાત છે.

૨૯

ખેડૂતનું ધન

એક ખેડૂત હતો. આખી જિંદગી મહેનતમજૂરી કરીને તેણે કુટુંબનું પાલન કર્યું. પછી ઘરડો થઈ પથારીવશ થયો, ત્યારે એને પોતાનાં છોકરાંની ચિંતા થવા લાગી, કેમ કે તેના છોકરા આળસુ અને એદી હતા.

બાપને થયું, "આ છોકરાઓનું હવે શું થશે? મારા ગયા પછી એમના દહાડા કેમ જશે?" પણ બાપ-કમાઉ છોકરાઓને કશી પડી નહોતી.

આથી તે ખેડૂતે છોકરાઓને એક દહાડો પોતાની પાસે બોલાવીને કહ્યું, "બેટાઓ, જુઓ હવે હું ખર્યું પાન ગણાઉં. હું હવે થોડા દહાડાનો મહેમાન છું. એટલે મરી જાઉં તે પહેલાં તમને એક વાત કહી રાખું. સાંભળો: મારું જે કાંઈ ધન છે તે બધું આપણાં ખેતર છે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...ડુ છે. બાજુ કશું મારે તમને કહેવાનું નથી. અને એથી બીજો કશો વારસો પણ તમને આપવાનો નથી.''

છોકરાઓ બાપની વાત સાંભળી રાજી થયા. ''બાપાનું ધન ખેતરમાં દાટેલું પડ્યું છે, તે ખોદી કાઢીને તે વડે સુખે રહીશું.'' — એમ સમજી તેમણે મનમાં નિરાંત વાળી.

થોડા વખતમાં ડોસો ખેડૂત ગુજરી ગયો. હવે તેના છોકરાઓએ વિચાર કર્યો, 'બાપે ખેતરમાં ધન દાટ્યું છે, તે ખોદી લાવીએ!'

આમ વિચારી છોકરાઓ કોદાળી પાવડાથી ખેતર ખોદવા મંડી પડ્યા. જ્યાં ત્યાં બધું તેઓ ખોદી વળ્યા, પણ ધનનો ચરુ હાથ ન લાગ્યો.

પણ તે વરસે એ ખેતરોમાં પાક એવો ઊતર્યો કે ન પૂછ્યે વાત! તેથી, છોકરાઓએ કરેલી મહેનતનું પૂરું વળતર તેમને મળી ગયું. એટલે તેઓ સમજ્યા કે, ખેતરમાં બાપે ધન દાટેલું પડ્યું છે એમ કહ્યું હતું, તેનો શો અર્થ હતો.

સાચે જ, ખેડૂતનું ધન તેના ખેતરમાં સદાકાળ મળતું રહે એવી રીતે દટાયેલું છે! શરત એટલી જ કે, દર વરસે તે મેળવવા માટે મથતા રહેવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी, हरिद्वार

८०ग

२२४३८

Date	No.	Date	No.

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં અન્ય પુસ્તકો

			રૂ. ન.પૈ.
સ્વરાજ એટલે શું?	મગનભાઈ દેસાઈ		૦.૪૪
આપણા દેશમાં આપણું રાજ્ય	,, ,,		૦.૪૪
આપણું પરમ યંત્ર	,, ,,		૦.૩૭
ઈસપ અને તેની વાતો ભાગ ૧ થી ૩	,, ,,	દરેકની	૦.૪૦
જંગલમાં મંગળ	,, ,,		૦.૩૫
વેર અને બદલો	ગોપાળદાસ પટેલ		૦.૪૪
વેર અને અવિચાર	,, ,,		૦.૩૭
પ્રાચીન શીલ કથાઓ	,, ,,		૦.૪૪
નીતિ અને ધર્મ	,, ,,		૦.૩૭
મલેરિયા	વિઠ્ઠલદાસ કોઠારી		૦.૪૪
ઘરમાખી	બંસીધર ગાંધી		૦.૪૪
ટાઇફૉઈડ	,, ,,		૦.૫૬
ઘઉં	,, ,,		૦.૭૫
પાણી	,, ,,		૦.૬૨
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી		૦.૭૫
શીલ અને સદાચાર	,, ,,		૦.૩૭
જાણવા જેવી વાતો	,, ,,		૦.૩૫
પચાસ પ્રેરક પ્રસંગો	,, ,,		૦.૬૨
ચીન દેશનાં કથાનકો	,, ,,		૦.૬૨
મોટાં માણસોનાં મન	,, ,,		૦.૫૬
ભક્તરાજ	,, ,,		૧.૦૦
પ્રતિભાનું પોત	,, ,,		૦.૩૭
માનવજીવનનું ઝવેરાત	,, ,,		૦.૩૭
જીવન અને મરણ	,, ,,		૦.૩૭
ધર્મ-સંસ્થાપકો	,, ,,		૦.૩૭
સંત-સમાગમ	,, ,,		૦.૩૭
શેખ સાદીની બોધકથાઓ	,, ,,		૦.૫૦
સંતોની જીવનપ્રસાદી	,, ,,		૦.૩૭
ભગવાન ઈશુની બોધકથાઓ	,, ,,		૦.૪૦
નીતિ અને વ્યવહાર	,, ,,		૦.૪૦
બાપુજીની વાતો — ૧	,, ,,		૦.૪૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar